| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૧/૧૭–૧૮**

**અરજદાર :** શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈની તા.૧૭/૦૩/૧૭ આઈ.ડી.નં.૨૭૬૨ ની અરજી ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૧૭/૦૪/૧૭ની અપીલ અરજી નં. SMC/AFO/FAP/01/17-18.

અરજદાર શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈએ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૧૭/૦૩/૧૭ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૭૬૨ થી કુલ ૮ મુદ્દાની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૫૧ તા.૧૧/૦૪/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. વધુમાં આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય અરજદાર દ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં.૧,૨,૬ અને ૮ બાબતે માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકાનાર્થે મોકલવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૩,૪,૫ અને ૭ બાબતે જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદાર શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈ દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૫૧ તા.૧૧/૦૪/૧૭ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે " ખોટી માહિતી આપેલ છે. ઈ.ડબલ્યુ.એસ–૩ સુમન કુંજના દસ્તાવેજમાં થયેલ ભુલ બાબત સાચી અને સ્પષ્ટ માહિતી આપવી તથા માહિતીના જવાબમાં અસંતોષ છે એમ જણાવી અનુક્રમ નં. ૧ થી ૩ દર્શાવેલ વિગતે" પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં .એફો.હા.સેલ/૫૧ તા.૧૧/૦૪/૧૭ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | દસ્તાવેજમાં દર્શાવેલ બધી બાબતો સાચી છે તે વિશે સચોટ અને સાચી માહિતી આપશો. |
| મુદ્દા નં.૨ | દસ્તાવેજમાં થયેલ ભૂલો વિશેની સાચી અને સચોટ માહિતી આપશો. |
| પુર્તતા ૧,૨ | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી અભિપ્રાય/ મંતવ્ય સ્વરૂપની જણાય છે. જેના અનુસંધાનમાં ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/ ૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકાનાર્થે આ સાથે સામેલ છે. આપના દ્વારા માંગવામાં આવેલ રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

| | |
|---|---|
| મુદ્દા નં.૩ | દસ્તાવેજ બનાવવાની કામગીરી કરેલ અધિકારીશ્રી નુ નામ આપશો. |
| પુર્તતા | સુરત મહાનગરપાલિકાના મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્મિત એલ.આઈ.જી. તથા ઈ.ડબ્લ્યુ.એસ. સ્કીમના આવાસોના દસ્તાવેજની કામગીરી આસી.લો.ઓફિસર(૧) શ્રી સી. એસ. પાટીલ, (૨) શ્રી એ. વી. જગતાપ,(૩) શ્રી એ.બી. સોલંકી દ્રારા કરવામાં આવે છે. |
| મુદ્દા નં.૪ | દસ્તાવેજ બનાવવાની કામગીરી આવાસના બાંધકામની જગ્યા જોઈને પછી બનાવવામાં આવ્યા છે તે વિશેની માહિતી આપશો. |
| મુદ્દા નં.૫ | દસ્તાવેજ બનાવવાની કામગીરી અને આવાસના ફલેટના બાંધકામની કામગીરી તે બન્ને ડિપાર્ટમેન્ટ અલગ અલગ છે તો બાંધકામની કામગીરી કયા ડિપાર્ટમેન્ટમાં થાય છે અને દસ્તાવેજ બનાવવાની કામગીરી કયા ડિપાર્ટમેન્ટમાં થાય છે તે વિશેની સાચી માહિતી આપશો. |
| મુદ્દા નં.૭ | દસ્તાવેજ બનાવવાની શરૂઆત થઈ ત્યારે આવાસમાં બાંધવામાં આવેલ ફલેટની જાત તપાસ કરવામાં આવી હતી તે વિશેની સાચી અને સ્પષ્ટ પણે માહિતી આપશો. |
| પુર્તતા ૪,૫ અને ૭ | અત્રેના એફોર્ડેબલ હાઉસીંગ સેલ ખાતે આસી.લો.ઓફિસરો દ્રારા કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ) બનાવી, તેની નોંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે અને આવાસના બાંધકામ સ્લમ અપગ્રેડેશન સેલ દ્રારા કરવામાં આવે છે તેમજ આસી.લો.ઓફિસરે આવાસની સ્થળ તપાસ કરવાની હોતી નથી. |
| મુદ્દા નં.૬ | દસ્તાવેજમાં ભૂલ છે તેવી ખબર પડે અને જો દસ્તાવેજ સુધારવાની જરૂર પડે તો દસ્તાવેજ ગુજરાતીમાં બનાવી આપશો તે વિશેની સાચી અને સચોટ માહિતી સ્પષ્ટ પણે આપશો. |
| મુદ્દા નં.૮ | આવાસમાં થયેલ બાંધકામ અને દસ્તાવેજમાં દર્શાવેલ માહિતીમાં ફરક લાગે તો બાંધકામ ડિપાર્ટમેન્ટની ભૂલ ગણવી, દસ્તાવેજ બનાવનાર ડિપાર્ટમેટની ભૂલ ગણવી તે વિશેની સાચી અને સ્પષ્ટ પણે માહિતી આપશો. |
| પુર્તતા ૬, ૮ | મુદ્દા નં.૧ અને ૨ની પુર્તતા મુજબ |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દાની વિગત જોતા અરજદાર ધ્વારા આર.ટી.આઈ એકટ હેઠળની અરજીના મુદ્દા નં.૧,૨,૬ અને ૮ બાબતે માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. તમામ મુદ્દાઓમાં ખાતાને સૂચન/ઓર્ડર કરતા હોય તેવુ સ્પષ્ટ પણે જણાય છે તેની માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેમજ તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જે બાબતે ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકાનાર્થે મોકલવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૩,૪,૫ અને ૭ બાબતે જવાબ પાઠવવામાં આવેલ છે. તથા અરજદાર ધ્વારા અપીલ અરજીમાં મુદ્દા નં.(૧) મુદ્દા નં.૧ અને ૨માં દસ્તાવેજને લગતી માહિતી માંગેલ છે તે બાબતે કેતન પટેલ સાહેબ સાથે રૂબરૂ મુલમકાત કરી હતી ત્યારે કેતન પટેલ કમિશ્નર સાહેબની હાજરીમાં કીધુ હતુ કે દસ્તાવેજ બનાવવામાં ભૂલ થઈ છે. તો કેતન પટેલ સાહેબ સાથે ચર્ચા કરી ઈ.ડબલ્યુ.એસ.૩ ના દસ્તાવેજમાં થયેલ ભૂલો વિશે માહિતી આપશો.(૨)મુદ્દા નં.૪,૫ અને ૭ માં દસ્તાવેજમાં દર્શાવેલ માહિતી અને ઈ.ડબલ્યુ.એસ.૩માં થયેલ બાંધકામ બંનેમાં ઘણોજ ફરક છે માટે ઈ.ડબલ્યુ.એસ.૩ માં સ્થળ પર તપાસ કરીને બાંધકામ માં ભૂલ છે કે દસ્તાવેજમાં તે બાબતની માહિતી આપશો.(૩) મુદ્દા નં.૬ અને ૮ માં માંગવામાં આવેલ માહિતી બાબતે કેતન પટેલ સાથે ચર્ચા કરી સ્પષ્ટ પણે માહિતી આપશો. તેમ દર્શાવી અપીલ કરવામાં આવેલ છે પરંતુ અરજદારની આઈ.ડી.નં.૨૭૬૨ તા.૧૭/૦૩/૧૭ની મુદ્દા નં.૧ થી ૮ ની વિગત ધ્યાને લેતા ઈ.ડબલ્યુ.એસ.૩ સ્કીમ બાબતનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. અને અપીલ કરવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની વિગત

ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭

એફોર્ડેબલ હાઉસીંગ સેલ
યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩.

આર.ટી.આઈ. ની મૂળ અરજી થી અલગ માલુમ પડેલ છે જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈની તા.૧૭/૦૩/૧૭ની મુળ અરજી આઈ.ડી.નં.૨૭૬૨ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ /૫૧ તા.૧૧/૦૪/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે વિગત ધ્યાને લેતા ઈ.ડબલ્યુ.એસ.૩ સ્કીમ બાબતનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. અને અપીલ કરવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની વિગત આર.ટી.આઈ. ની મૂળ અરજી થી અલગ માલુમ પડેલ છે જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૨૨
તા. ૦૧ /૦૫/૧૭

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી મુંજાણી પ્રદિપભાઈ મનસુખભાઈ.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૧૭–૧૮**

**અરજદાર :** શ્રી મુકેશ ગણપતલાલ રાણા(સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી)

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણા(સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી) ની તા.૧૯/૦૪/૧૭ આઈ.ડી.નં.૧૦૪ ની અરજી ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૯/૦૫/૧૭ની અપીલ અરજી નં. SMC/AFO/FAP/02/17-18.

અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણા(સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી) એ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૧૯/૦૪/૧૭ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૦૪ થી કુલ ૫ મુદ્દાની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૦૯ તા.૨૫/૦૪/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. વધુમાં આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ હોય જે ધ્યાને લઈ અરજદાર દ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૫ બાબતે માહિતી બાબતે જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણા(સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી) દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૯ તા.૨૫/૦૪/૧૭ થી આપવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે " મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં માહિતી આપવામાં આવી નથી તથા તમામ ડેપ્યુટીના– જે અને જેવા જવાબો મળ્યા છે તે તમામ ની ઝેરોક્ષ સામેલ કરી" પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં .એફો.હા.સેલ/૧૦૯ તા.૨૫/૦૪/૧૭ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | તા.૧૬/૪ અને ૧૭/૪ ની માનનીય વડાપ્રધાનશ્રી ની બે દિવસની સૂરતની મુલાકાતને રોડ શો દરમ્યાન સૂરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાને બનાવેલી– તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? |
| મુદ્દા નં.૨ | કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? |
| મુદ્દા નં.૩ | કેટલી જગ્યાએ રોશની કરવામાં આવેલી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? |
| મુદ્દા નં.૪ | મા.વડાપ્રધાનના જાહેરખબરના કેટલા હોર્ડિંગ્સ– કયાં કયાં મુકવામાં આવેલા અને તેની પાછળ કોર્પોરેશનને કેટલો ખર્ચ થયો છે? |
| મુદ્દા નં.૫ | સ્ટેજ બનાવેલા તેનું કેટલું ભાડું કોર્પોરેશનમાં જમાં થયુ છે? |
| પુર્તતાઃ ૧ થી ૫ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે અત્રેનાં ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા મજકુર આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૫ બાબતે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ હોય, જે ધ્યાને લઈ આપના દ્રારા માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૫ માહિતી બાબતે જવાબ પાઠવવામાં આવેલ છે. માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેમજ તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણા(સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી) ની તા.૧૯/૦૪/૧૭ની મુળ અરજી આઈ.ડી.નં.૧૦૪ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ /૧૦૯ તા.૨૫/૦૪/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૨૦
તા. ૨૦/૦૫/૧૭

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી મુકેશ ગણપતલાલ રાણા (સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી) .......પ્રતિ.... જાણ માટે.